પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૩૧૧ | ૨૨ જાન્યુઆરી, ૨૦૧૮, સોમવાર ; મહા સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

વર્લ્ડ ઈકોનોમી ફોરમમાં યોગ અને ભારતીય ભોજન

સ્વિટઝરલેન્ડના દાવોસમાં શરૂ થઈ રહેલી વર્લ્ડ ઈકોનોમી ફોરમમાં નરેન્દ્ર મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ સહિતના વિશ્વના ૩ હજાર જેટલા લીડર્સ ભાગ લેશે. આ પ્રસંગે યોગના લાઈવ સેશન થશે અને સાથે જ ભારતીય ભોજન પીરસાશે.

યુએન હાફિજ સામેની કાર્યવાહી ચકાસશે

મુંબઈ હૂમલાના માસ્ટર માઈન્ડ હાફિજ સઈદ સામે પાકિસ્તાને શુ કાર્યવાહી કરી છે તેની ચકાસણી માટે યુએનના સભ્યો પાકિસ્તાન જશે. યુએન સિક્યોરીટી કાઉન્સિલની ટીમ ટુંક સમયમાં પાકિસ્તાન પહોંચશે.

કરણીસેનાને પદ્માવત જોવા ભણસાલીનું આમંત્રણ

ફિલ્મ નિર્દેશક સંજય લીલા ભણસાલીએ રાજપૂત કરણીસેના અને અન્ય રાજપૂત સંગઠનોને ફિલ્મ 'પદ્માવત' જોવા આમંત્રણ પાઠવ્યુ છે.

આઈપીએલ ૨૦૧૮ માટે ૨૭મીથી ખેલાડીઓની ખરીદી

આઈપીએલ ૨૦૧૮ માટે ૨૭ અને ૨૮મી જાન્યુઆરીએ ખેલાડીઓની બોલી લગાવી ખરીદી થશે. ૧૮ ફ્રેન્ચાઈઝી દેશ-વિદેશના ૫૭૮ ખેલાડીઓની બોલી લગાવી ખરીદશે.

'આપ'ના ૨૦ ધારાસભ્યો ગેરલાયક

દિલ્હીમાં પેટાચૂંટણી માટેનો માર્ગ મોકળો થતાં રાજકીય ગરમી વધી : વિધાનસભામાંથી એએપીના ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવાની ચૂંટણી પંચની ભલામણને રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની આખરે લીલીઝંડી

નવીદિલ્હી, તા. ૨૧

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે લાભપ્રદ હોદ્દા જાળવવા બદલ દિલ્હી વિધાનસભામાંથી આમ આદમી પાર્ટીના ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવાની ચૂંટણી પંચની ભલામણોને લીલીઝંડી આપી દીધી છે. આની સાથે જ અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં દિલ્હી સરકારની મુશ્કેલી વધી ગઈ છે. અલબત્ત દિલ્હી સરકાર બહુમતમાં હોવાથી તે અકબંધ રહેશે પરંતુ તેના સભ્યોની સંખ્યા ઉલ્લેખનીયરીતે ઘટી ગઈ છે. વિધાનસભામાંથી એએપીના ધારાસભ્યોની હકાલપટ્ટી કરવા ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણને રાષ્ટ્રપતિએ લીલીઝંડી આપ દીધી છે. આની સાથે જ દિલ્હીમાં પેટાચૂંટણી માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. શુક્રવારના દિવસે ચૂંટણી પંચે એએપીના ૨૦ ધારાસભ્યોને ગેરલાયક જાહેર કરવા રાષ્ટ્રપતિને અપીલ કરીને પત્ર લખ્યો હતો. આ લોકોએ લાભપ્રદ હોદ્દા જાળવ્યા હતા. ૧૩મી માર્ચ ૨૦૧૫થી ૮મી સપ્ટેમ્બર ૨૦૧૬ વચ્ચેના ગાળામાં સંસદીય સચિવના

● અનુસંધાન પાન-૭ પર

કાશ્મીરમાં સરહદ પર લોહીની હોળી રમાઈ રહી છે: મહેબૂબા મુફ્તી

કાશ્મીરને યુદ્ધનો અખાડો ન બનાવવા તેમજ શાંતિ માટે પગલા લેવા મોદી તેમજ પાકિસ્તાનને અપીલ

નવીદિલ્હી, તા. ૨૧

છેલ્લા કેટલાક દિવસથી જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન તરફથી કરવામાં આવી રહેલા યુદ્ધવિરામના ભંગને લઈને જમ્મુ કાશ્મીરના મુખ્યમંત્રી મહેબુબા મુફ્તીએ પોતાની પ્રતિક્રિયા આપી છે. મહેબુબાએ વડાપ્રધાન મોદી અને પાકિસ્તાનને શાંતિ માટે પગલા લેવા અપીલ કરી છે. જમ્મુ કાશ્મીરને યુદ્ધના અખાડા તરીકે ન બનાવવા માટે કહ્યું છે. પાકિસ્તાનના ગોળીબારમાં હજુ સુધી પાંચ જવાનના મોત થઈ ચુક્યા છે. છ નાગરિકો પણ ઘાયલ થયા છે. મહેબુબાએ તંગદિલીનો અંત લાવવા ભાવનાશીલ અપીલ કરી છે. સરહદ ઉપર ખૂની હોળી રમાઈ રહી છે. જમ્મુ કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવા માટે પહેલ કરવા મોદી અને પાકિસ્તાનને મુફ્તીએ અપીલ કરી છે. મહેબુબાએ નવા પોલીસ

● અનુસંધાન પાન-૭ પર

સરહદ પર પાકના ગોળીબારથી નાગરિકોમાં ભય

બીએસએફની કાર્યવાહીથી પાકિસ્તાનને ભારે નુકસાન : પાકિસ્તાન તરફે આશરે ૨૦થી ૨૫ના મોત થયા હોવાના બિનસત્તાવાર અહેવાલ

નવીદિલ્હી, તા. ૨૧

જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશરેખા ઉપર ભીષણ ગોળીબારનો દોર જારી રહ્યો છે. પાકિસ્તાને જારી રાખેલા ગોળીબારના કારણે સ્થિતિ પણ તંગ બનેલી છે. બીજી બાજુ તીવ્ર જવાબી કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. ગ્રામિણ વિસ્તારોને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાન તરફથી ગોળીબાર કરાયો છે. બીએસએફે પણ જવાબી કાર્યવાહી કરીને ચાર પાકિસ્તાની મોર્ટાર ચોકીઓને નુકસાન પહોંચાડ્યું છે જેમાં ભારે ખુવારી થઈ હોવાના અહેવાલ પણ મળી રહ્યા છે. આ બંને સેક્ટરોમાં સરહદ પાર ઘણી જગ્યાઓ ઉપર એમ્બ્યુલન્સ જોવા મળી છે. કુંદનપુર, ગડિયાલ, હરિયા અને

● અનુસંધાન પાન-૭ પર

ઉત્તર ભારતમાં કોલ્ડવેવથી જનજીવન પર ઘેરી અસર

કારગિલમાં માઇનસ ૧૯.૬ ડિગ્રી તાપમાન રહ્યું : હિમાચલમાં હિમવર્ષા તેમજ ઉત્તર પ્રદેશમાં વરસાદની આગાહી : રાજસ્થાનના માઉન્ટ આબુમાં નાગરિકો અટવાયા

નવીદિલ્હી, તા. ૨૧

જમ્મુ કાશ્મીર અને હિમાચલ પ્રદેશના મોટાભાગના વિસ્તારોમાં પારો શૂન્યથી પણ નીચે પહોંચી ગયો છે. કોલ્ડવેવની અસર ઉત્તર ભારતમાં જોવા મળી રહી છે. જનજીવન પણ ખોરવાઈ ગયું છે. ધુમ્મસની ચાદર ફેલાયેલી છે. જમ્મુ કાશ્મીરના કારગિલમાં પારો રેકોર્ડ ૧૯.૬ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. ખીણ અને લડાખના અન્ય પ્રદેશો પણ કાતિલ ઠંડીના સકંજામાં આવી ગયા છે. રાજ્યના ઉનાળા પાટનગર શ્રીનગરમાં માઇનસ ૪.૩ ડિગ્રી તાપમાન રહ્યું છે. સ્કી રિસોર્ટ ગુલમર્ગમાં પણ પારો માઇનસમાં છે. દક્ષિણ કાશ્મીરમાં કાજીગુંદમાં માઇનસ ચાર અને કોકરનાગમાં માઇનસ ૨.૨ ડિગ્રી તાપમાન રહ્યું છે. લેહમાં માઈનસ ૧૩.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. જમ્મુ કાશ્મીરમાં હાલ ૪૦ દિવસના સૌથી તીવ્ર ઠંડીના ગાળા ચિલાઈકાલનનો દોર ચાલી રહ્યો છે. જમ્મુ કાશ્મીરની જેમ જ હિમાચલમાં પણ માઇનસ ૧૮થી માઇનસ ૧૨ સુધી તાપમાન રહ્યું છે. લાહોલ અને સ્પીતી જિલ્લામાં માઈનસ ૭.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે. બીજી બાજુ દેશના મેદાની ભાગોમાં પણ કાતિક ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. પંજાબ અને હરિયાણામાં તીવ્ર ઠંડી જોવા મળી રહી છે. આદમપુરમાં ૨.૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે. હરિયાણામાં નારનોલ, રોહતક, ભિવાનીમાં પાંચથી ૭ ડિગ્રી વચ્ચે તાપમાન નોંધાયું છે. પંજાબના પવિત્ર અમૃતસર શહેરમાં ૪.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ઉત્તર પ્રદેશમાં પણ હાલત કફોડી બનેલી છે. રાજસ્થાનમાં પણ તીવ્ર ઠંડીથી લોકોને કોઇ રાહત મળી નથી. બંને રાજ્યોમાં જનજીવન ખોરાયું છે. ધુમ્મસની ચાદર ચારેબાજુ જોવા મળી રહી છે. રાજસ્થાનના હિલસ્ટેશન ગણાતા માઉન્ટ આબુમાં સૌથી વધારે ઠંડી નોંધાઈ છે. અહીં પારો ૩.૪ ડિગ્રી સુધી નીચે પહોંચી ગયો છે. ચુરુમાં ૩.૮ પારો રહ્યો છે. જયપુરમાં પણ લોકો ઠંડીથી પરેશાન થયેલા છે. જયપુરમાં હવામાન વિભાગે માહિતી આપતા કહ્યું છે કે, પિલાણી, શિકર, ભીલવાડા અને જેસલમેરમાં ક્રમશઃ ૫.૬, ૬, ૬.૫ અને ૭.૪ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

નંદેસરી જીએસપી કંપનીમાં બ્લાસ્ટ : ચારના મોત

વહેલી સવારે થયેલો પ્રચંડ બ્લાસ્ટ ૨૦ કિમી સુધી સંભળાયો : ચાર કર્મચારી ઘાયલ : કંપની દ્વારા મતૃકોના પરિવારજનોને ૫-૫ લાખની સહાયની જાહેરાત : કલેક્ટર દ્વારા તપાસના આદેશ અપાયા

વડોદરા,તા. ૨૧

શહેર નજીક નંદેસરી જીઆઈડીસીમાં આવેલી જીએસપી કંપનીમાં આજે વહેલી સવારે બ્લાસ્ટ થયો હતો. જેને કારણે ભીષણ આગ ફાટી નીકળી હતી. જેમાં ચાર કર્મચારીઓના મોત થયા છે જ્યારે ચાર કર્મચારીઓ દાઝ્યા છે. જેઓને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. એક વ્યક્તિની શોધખોળ હજુ ચાલુ છે.

તો આ સમગ્ર મામલે કલેક્ટર પી.ભારતીએ ઘટના સ્થળની મુલાકાત લીધી હતી. આ સાથે જ કંપની દ્વારા મૃતકોના પરિવારજનોને ૫-૫ લાખની સહાયની જાહેરાત કરી છે. આ સાથે જ કલેક્ટર દ્વારા તપાસના આદેશ આપવામાં આવ્યા છે.

તો આગમાં ૪ કર્મચારીઓના મોત થયા છે જ્યારે ભીષણ આગમાં ફસાયેલા અન્ય ૪ કર્મચારીઓને બચાવી લેવામાં આવ્યા છે. ગંભીર હાલતમાં બહાર કઢાયા હતા. જેઓને ખાનગીમાં દાખલ કરાયા છે.

● અનુસંધાન પાન-૭ પર

બવાના વિસ્તારની ફેક્ટરીમાં વિકરાળ આગમાં ૧૭ ભડથું

ન્યુ દિલ્હી,તા. ૨૧

દિલ્હીના બવાના વિસ્તારની એક ફેક્ટરીમાં શનિવારની મોડી સાંજે લાગેલી ભીષણ આગમાં ૧૭ લોકોના મોત થયા, જ્યારે કેટલાંય લોકો બળીને ખાક થઈ ગયા. મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ એ તપાસના આદેશ આપી દીધા છે. અહીં મરનારના પરિવારજનોને સરકાર એ ૫-૫ લાખ રૂપિયા અને ઘાયલોને એક-એક લાખ રૂપિયા આપવાનું એલાન પણ કર્યું છે.

ફેક્ટરીના એક માલિકની પોલીસે ધરપકડ કરી લીધી છે, જ્યારે બીજાને શોધી રહ્યા છે. કહેવાય છે કે ફેટકીમાં ગેરકાયદે ફટાકડાના પેકેજીંગનું કામ થતું હતું, જ્યારે લાઇસન્સ ગુલાલ બનાવાનું હતું. અઢીસો ગજની આ ફેક્ટરીની પાસે લાઇસન્સ તો ગુલાલ બનાવાનું કહેવાય રહ્યું છે, પરંતુ અહીં ફટાકડાનું પેકિંગ થઈ રહ્યું હતું.

હવે સૌથી મોટો પ્રશ્ન ફેક્ટરીના લાઇસન્સને લઈ છે. આખરે ફટાકડા ફેક્ટરી કેવી રીતે ચાલી રહી હતી અને લાઇસન્સ એમસીડી એ આપ્યું કે દિલ્હી સરકારે? લાઇસન્સ આપ્યા બાદ કોઇએ કેમ જોયું નહીં કે ફેક્ટરીમાં શું ચાલી રહ્યું છે. ફાયર સેફ્ટીની એનઓસી વગર ફેક્ટરી કેવી રીતે ચાલી રહી હતી.

કાબુલની હોટલ પર આંતકી હુમલો ૧૫નાં મોત : બે હુમલાખોર ઠાર

કાબૂલ,તા. ૨૧

અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં આવેલી ઇન્ટરકોન્ટિનેન્ટલ હોટલમાં ૪ આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. પ્રત્યક્ષદર્શીના

● અનુસંધાન પાન-૭ પર

અમેરિકામાં શટડાઉનથી ભારતીય નિકાસને આંચકો

ન્યુ દિલ્હી, તા. ૨૧

ઈન્ડિયન એન્જિનિયરિંગ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલે અમેરિકામાં શટડાઉનને કારણે ભારતમાંથી થતી નિકાસને ધક્કો પહોંચવાની ભીતિ સેવી છે. ઈઈપીસી દ્વારા કહેવામાં આવ્યું છે કે અમેરિકાની ફેડરલ સરકારના ઠપ્પ થવાથી ભારતમાંથી થતી નિકાસ અસરગ્રસ્ત થશે. કારણ કે ભારતમાંથી નિકાસ થનારા દેશોમાં અમેરિકાનો ટોચના દેશોમાં સમાવેશ થાય છે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

કાર વેચવાની છે
૨૦૧૫ મોડલની હોન્ડાઈની મેઘના આઈ-૧૦ વ્હાઈટ કલરની કાર વેચવાની છે.
- સંપર્ક નં -
૯૯૨૫૦૨૮૯૯૯

હીરામણિ સ્કૂલ (ગુજરાતી-અંગ્રેજી માધ્યમ / હૉસ્ટેલ (બોયઝ)
નિરમા યુનિવર્સિટી સામે, સરખેજ-ગાંધીનગર હાઈવે, અમદાવાદ-૩૮૨૪૮૧.
ફોન : (૦૨૭૧૭)૨૪૨૫૦૫-૨૪૨૬૦૬ (હોસ્ટેલ) (૦૨૭૧૭) ૨૪૧૧૨૪
જૂન-૨૦૧૮ માટે પ્રવેશ ઉપલબ્ધ
હીરામણિ હૉસ્ટેલમાં ધો.૨ થી ૧૨ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ (સા.પ્રવાહ અને વિ.પ્રવાહ)માં મર્યાદિત પ્રવેશ ઉપલબ્ધ.
અદ્યતન રૂમો, પૂરક શિક્ષણના વર્ગો, લોન્ડ્રી અને ૨૪ કલાક મેડિકલ સુવિધા. હૉસ્ટેલમાં રહીને ધો.૨ થી ૧૨માં અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીના વાલીઓએ પ્રવેશ માટે રૂબરૂ મળવું.
હીરામણી હૉસ્ટેલ-વૃદ્ધાશ્રમ માટે ૨૪ કલાક રહી શકે તેવા અનુભવી રેક્ટર જોઈએ છે.www.hiramanischools.org
પ્રવેશ માટે કાર્યાલયનો સમય સવારે ૯.૦૦ થી બપોરે 3.30

શ્રદ્ધાંજલિ



સ્વ. તા. ૧૯-૧-૨૦૧૮
દેવજીભાઈ કચરાભાઈ પ્રજાપતિ

"છોડી ગયા જીવન છતાં જીવિત હોવાનો ભાસ થાય છે
દર્શન નથી તમારા દેહના, પરંતુ હૈયામાં સદા વાસ છે"
"પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના"

જસવંતભાઈ વનમાળીદાસ પ્રજાપતિ
જયોત્સનાબેન જસવંતભાઈ પ્રજાપતિ
રવિભાઈ જસવંતભાઈ પ્રજાપતિ
મેહુલભાઈ જસવંતભાઈ પ્રજાપતિ
દિનેશભાઈ વિનોદચંદ્ર પ્રજાપતિ
હસુમતીબેન દિનેશભાઈ પ્રજાપતિ
સાવન દિનેશભાઈ પ્રજાપતિ
રીધ્ધિ દિનેશભાઈ પ્રજાપતિ